# નવા વેણપુર (નવા ગામ)માં આંતરિક રોડ રસ્તાના અભાવથી ગ્રામજનો ત્રાહિમામ

## રાશન લેવા ત્રણ કિમી ડુંગરો ખૂંદવા મહિલાઓ મજબુર

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારો અનેક પાયાગત સુવિધાઓથી વંચિત છે શામળાજી નજીક આવેલા નવા વેણપુર (નવા ગામ)ની દુર્દશા જોઈ ગતિશીલ ગુજરાતનો ફુલાવેલો પરપોટો ફૂટી જશે ગામમાં મુખ્યરોડ થી ગામને જોડાતો માર્ગની અને અંતરિયાળ માર્ગના અભાવે લોકોને ભારે હાલાકી અનુભવવી પડી રહી છે ગામમાં નલ સે જલ યોજના પણ ફારસ રૂપ સાબિત થઈ રહી હોય તેમ પાણી આવતું નથી ગામમાં સસ્તા અનાજની દુકાન ન હોવાથી મહિલાઓને ત્રણ કિલોમીટર દૂર ડુંગરાળ વિસ્તારમાં વેણપુર ગામમાં રાશન લેવા જવું પડી રહ્યું છે ગામલોકોએ એસી ઓફિસમાં બેસી રહ્યા વગર એક વાર ગામની મુલાકાત લઈ ગામલોકોને પડતી હાલાકીનું નિરાકરણ લાવે તેવું ઈચ્છી રહ્યા છે

કારછા ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ નવા વેણપુર (નવા ગામના)માં રોડ રસ્તાનો અભાવ હોવાથી અને ઉબડ ખાબડ હોવાથી લોકોને કામકાજ અર્થે પસાર થતા ભારે હાલાકી અનુભવી રહ્યા છે માર્ગો ધૂળિયા હોવાથી લોકો શ્વાસ અને એલર્જીની બીમારીનો ભોગ બની રહ્યા છે ગામના લોકોને રાશન લેવા માટે ત્રણ કિલોમીટર દૂર આવેલ વેણપુર ગામની સસ્તા અનાજની દુકાનમાં રાશન લેવા જવું પડતું હોવાથી અનેક મહિલાઓ રાશન થી વંચિત રહેવાનો વારો આવ્યો છે

નવા વેણપુર (નવા ગામ) માં સરકારે બે વર્ષ પહેલા નલ સે જલ યોજના અંતર્ગત નળ તો ઘરે ઘરે પહોંચાડી દીધા પરંતુ એક જ દિવસ પાણી આવ્યા પછી ગામલોકો તો ઠીક નળ પણ પાણી આવે તેની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે ફક્ત તંત્રએ નલ સે જળ યોજનાની વાહવાહી કરવા અને કૌભાંડ કરી રૂપિયા ઉલેચવાની યોજના બની રહી હોય તેવું ગામલોકો અહેસાસ અનુભવી રહ્યા છે ગામમાં હેંડપંપની પણ સર્વિસ કરવામાં ન આવતા શોભાના ગાંઠિયા સમાન બની રહેતા મહિલાઓ પાણી માટે વલખા મારી રહ્યા છે સ્મશાન જવા માટે માર્ગ ન હોવાથી સ્વજનોની અંતિમવિધિમાં પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે




ગામલોકો વારંવાર પ્રાથમિક સુવિધાઓ અંગે જવાબદાર તંત્રમાં રજુઆત કર્યા પછી પણ વિકાસ થી વંચિત રહેતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે

### પોરબંદર ખાતે માધવપુર ઘેડના મેળામાં

# ૧૦મીએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની પ્રેરક ઉપસ્થિતિ

## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉત્તર પૂર્વ રાજ્યોના મુખ્યમંત્રીઓ સહિતના મહાનુભાવો રહેશે ઉપસ્થિત

ગાંધીનગર, તા. ૬

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત પોરબંદર ખાતે માધવપુર ઘેડના મેળાનો આગામી તા. ૧૦મી એપ્રિલે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ઉપસ્થિત રહેશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉત્તર પૂર્વ રાજ્યોના મુખ્યમંત્રીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. રાજય સરકારના માર્ગદર્શન તા.૧૦ થી ૧૪ એપ્રિલ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણના વિવાહ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયમાં પ્રવાસન ક્ષેત્રનો વ્યાપ વધે એ માટે ટુરીઝમ સર્કિટના માધ્યમ દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે પૂર્વથી પશ્ચિમને જોડતા રાષ્ટ્રીય સાંસ્કૃતિક પર્વની ગરિમામય ઉજવણી કરાશે.

સૌરાષ્ટ્રના અતિ મહત્વના ગણાતા આ ભાતીગળ મેળાથી શ્રદ્ધાળુઓને ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીજીના જીવનમાંથી અતુટ શ્રદ્ધા અને આ વિરાસતોની અખંડિતતાની પ્રેરણા મળતી રહે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ તાજેતરમાં મન કી બાતમાં માધવપુરના આ મેળાનો ઉલ્લેખ કરી તેનું મહત્વ જણાવ્યું હતુ. ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીના વિવાહ પ્રસંગે સૌરાષ્ટ્રના અરબી સમુદ્રના કાંઠે આવેલા માધવપુર ઘેડ ખાતે યોજાતો પરંપરાગત મેળાને રાષ્ટ્રીય ફલક પર સાંસ્કૃતિક પર્વ તરીકે પ્રસ્થાપિત કરવા કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલય, ઉત્તર-પૂર્વ વિકાસ મંત્રાલય અને ગુજરાતના યુવા સાંસ્કૃતિક વિભાગનના સંયુક્ત ઉપક્રમે વિશેષ કાર્યક્રમોનુ સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે ગુજરાત પ્રવાસન નિગમ-સાંસ્કૃતિક વિભાગ દ્વારા પણ મલ્ટી મીડિયા શો, ઈન્ડેક્સ સી દ્વારા એક્ઝીબીશન, ચાર દિવસ સુધી વિવિધ થીમ પર એક ભારત શ્રેષ્ઠ ભારતને ઉજાગર કરતી ભવ્ય સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરાશે.

માધવપુર ઘેડના મેળાને સૌરાષ્ટ્રની ટુરીઝમ સર્કિટ સાથે જોડી પ્રવાસીઓને સૌરાષ્ટ્રની સાંસ્કૃતિક વિરાસતોની જાણકારી મળે અને સાથોસાથ સ્થાનિકકક્ષાએ વધુ રોજગારીનું નિર્માણ થાય તેવા બહુઆયામી ઉમદા હેતુ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અનેકવિધ નવતર પ્રયાસો થઈ રહ્યાં છે. પ્રવાસીઓને વિવિધ સગવડતા મળી રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા પૂરતી તકેદારી સાથે વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

# પાલનપુરના ગુરુનાનક ચોકમાં મોબાઈલ પર સટ્ટો ખેલતો શખ્સ ઝડપાયો

## આઇપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા અને રમાડતા બે શખ્સ સામે પોલીસ ફરિયાદ

પાલનપુર તા.

પાલનપુરના ગુરુનાનક ચોકમાં એક શખ્સ મોબાઈલમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાની બાતમી આધારે પૂર્વ પોલીસની ટીમે ઓચિંતી તપાસ કરીને સટ્ટો ખેલતા શખ્સને મોબાઈલ સાથે ઝડપી પાડ્યો હતો.. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરના ગોબરીરોડ પર આવેલી સિંધી કોલાનીમાં રહેતો દિપક અનિલભાઈ ટીલાણી (સિંધી) શહેરના ગુરુનાનક ચોકમાં પોતાના અંગત આર્થિક ફાયદા સારું મોબાઈલમાં ઑન લાઈન વેબસાઈડ પર આઈપીએલ ક્રિકેટ મૅચ પર બેટિંગનો સટ્ટો રમતો હોવાની બાતમીના આધારે પૂર્વ પોલીસની ટીમે રેઈડ કરીને સટ્ટો રમાતા આ શખ્સને દશ હજાર ની કિંમતના મોબાઈલ સાથે ઝડપી પાડ્યો હતો અને તેની સાથે મોબાઈલ પર સટ્ટો ખેલતા જય કાકાણી રહે.સિંધી કોલાની ગોબરી રોડ પાલનપુર વાળા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# રાજ્યની સ્ટેમ્પ ડ્યૂટીની આવકમાં ૩૦૦૦ કરોડથી વધુ વધારો

## રિયલ એસ્ટેટ સેક્ટરના જાણકારો માને છે કે રિયલ્ટી સેક્ટર હવે કોવિડની નેગેટિવ અસરમાંથી બહાર આવી ગયું છે

ગાંધીનગર, તા.૬

ગુજરાત સરકારની આવકમાં સ્ટેમ્પ ડ્યૂટીની મહત્ત્વની ભૂમિકા છે અને બે વર્ષ સુધી આ આવક ઘટ્યા પછી હવે તેમાં જોરદાર તેજી આવી છે. ૩૧ માર્ચે સમાપ્ત થયેલા નાણાકીય વર્ષના આંકડા એ બાબતની ગવાહી આપે છે કે રાજ્યમાં રિયલ્ટીના સોદામાં ભારે તેજી આવી છે. ગયા નાણાકીય વર્ષમાં સ્ટેમ્પ ડ્યૂટીની વસુલાતમાં ૪૩ ટકાનો જંગી વધારો થયો હતો, જ્યારે ૨૦૨૦-૨૧ની સરખામણીમાં ૨૦૨૧-૨૨માં વેચાણ ખતની સંખ્યા ૨૫ ટકા વધી હતી. રાજ્યના રિયલ એસ્ટેટ સેક્ટરમાં જોરદાર બાઉન્સ બેક આવ્યો હોવાના સંકેત છે. ગયા નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારે સ્ટેમ્પ ડ્યૂટી પેટે રૂ. ૧૦,૬૦૬ કરોડની વસુલાત કરી હતી. તેનાથી આગળના વર્ષોની વાત કરીએ તો ૨૦૧૮-૧૯માં સ્ટેમ્પ ડ્યૂટીની આવક રૂ. ૭૭૮૧ કરોડ, ૨૦૧૯-૨૦માં રૂ. ૭૭૦૧ કરોડ અને ૨૦૨૦-૨૧માં સ્ટેમ્પ ડ્યૂટીની આવક રૂ. ૭૩૯૦ કરોડ હતી. અગાઉના નાણાકીય વર્ષની સાથે તુલના કરવામાં આવે તો છેલ્લા એક વર્ષમાં સ્ટેમ્પ ડ્યૂટીની આવકમાં ૩૦૦૦ કરોડથી પણ વધુ વધારો થયો છે.

૨૦૨૧-૨૨ના શરૂઆતના છ મહિનામાં કોવિડનો આતંક હોવા છતાં પ્રોપર્ટી રજિસ્ટ્રેશનની સંખ્યા ૧૪.૩ લાખ હતી. એટલે કે અગાઉના વર્ષની તુલનામાં ત્રણ લાખ જેટલી વધુ પ્રોપર્ટી રજિસ્ટર થઈ હતી. ૧૮-૧૯, ૧૯-૨૦ અને ૨૦-૨૧માં પ્રોપર્ટી રજિસ્ટ્રેશનની સંખ્યા અનુક્રમે ૧૨.૪ લાખ, ૧૨ લાખ અને ૧૧.૪ લાખ હતી. નાણાકીય વર્ષ ૨૧-૨૨માં સ્ટેમ્પ ડ્યૂટી અને રજિસ્ટ્રેશનની સૌથી વધુ આવક અમદાવાદમાં થઈ હતી જે રૂ. ૩૩૯૮ કરોડ હતી. ત્યાર પછી ગાંધીનગરમાં રૂ. ૨૫૧૩ કરોડ, સુરતમાં રૂ. ૧૨૧૨ કરોડ અને રાજકોટમાં રૂ. ૫૯૫ કરોડની રેવન્યુ મળી હતી. ગાંધીનગરમાં અત્યંત ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું હોવાથી તેમાં રેવન્યુના આંકડા અમદાવાદ પછી બીજા ક્રમે છે. જાણકારોએ કહ્યું કે રિયલ્ટી સેક્ટર હવે કોવિડની નેગેટિવ અસરમાંથી બહાર આવી રહ્યું છે.

# અમૂલના દૂધમાં ફરી એક વખત તોળાતો ભાવ વધારો

## અમૂલના એમડી આરએસ સોઢીએ જ ભાવ વધારાના સંકેત આપ્યા, ભાવ કેટલા વધશે એ હજુ અનિશ્ચિત

આણંદ, તા.૬

હાલમાં જ માર્ચની ૧લી તારીખે જ અમૂલ દુધનાં ભાવમાં ૨ રૂપિયા પ્રતિ લિટર વધારો થયો હતો. ખાદ્યપદાર્થોથી લઈને પેટ્રોલ અને ડીઝલ સુધીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. પહેલાથી જ મોંઘવારીથી ત્રસ્ત દેશની સામાન્ય જનતાને આમાંથી રાહત મળવાની આશા નથી.

બીજા શબ્દોમાં કહીએ તો, અત્યારે જનતાને મોંઘવારીનો વધુ એક આંચકો મળવાનો છે. આ અંગેનો પ્રથમ સંકેત અમૂલના એમડી આરએસ સોઢીએ આપ્યો છે. સોઢીના નિવેદનથી ખાતરી છે કે, દૂધ ગ્રાહકોને ટૂંક સમયમાં વધુ એક મોટો ઝટકો લાગવાનો છે.

તાજેતરમાં જ અમૂલનું દૂધ મોંઘું થયું હતું અને હવે ફરી એકવાર તેમાં વધારો થવાની સંભાવના છે. કંપનીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, દૂધની કિંમતમાં વધારો કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. કંપનીના એમડી આરએસ સોઢીએ જણાવ્યું હતું કે કિંમતો બિલકુલ ઘટશે નહીં, પરંતુ આ કિંમત વધુ ઉપર જવાની છે. આ પહેલા ૧ માર્ચ ૨૦૨૨ના રોજ અમૂલે દૂધના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો વધારો કર્યો હતો. હવે આ વખતે તેની કિંમતમાં કેટલો વધારો થશે, તે હજુ સ્પષ્ટ થયું નથી. જેનું ભારણ આમ જનતાને ભોગવાનું રહેશે.

અમૂલના એમડી આરએસ સોઢીએ કહ્યું કે,અમૂલ અને ડેરી સેક્ટર દ્વારા કરવામાં આવેલ વૃદ્ધિ હજુ પણ અન્યની તુલનામાં અથવા ઈનપુટ કોસ્ટમાં વધારાની સરખામણીમાં ખૂબ જ મર્યાદિત છે. સોઢીએ જણાવ્યું હતું કે, ઊર્જાના ભાવ ત્રીજા કરતા વધુ વધી ગયા છે, જેના કારણે કોલ્ડ સ્ટોરેજની કિંમતમાં વધારો થયો છે. આ સ્તરેથી લોજિસ્ટિક ખર્ચમાં પણ સતત વધારો થયો છે અને આ સાથે જ પેકેજિંગ મોંઘું બન્યું છે.

આ મુખ્ય કારણો છે જેના કારણે અમને દૂધના ભાવમાં વધારો કરવાની ફરજ પડી હતી. તે જ સમયે, પરિસ્થિતિ હજુ પણ ખૂબ સારી નથી, અને દૂધના ભાવમાં વધારો થઈ શકે છે. તેમણે કહ્યું કે સહકારી સંઘે છેલ્લા બે વર્ષમાં અમૂલ દૂધના ભાવમાં આઠ ટકાનો વધારો કર્યો છે.

# બનાસકાંઠામાં ૬૬૯૯ નાના ભૂલકાં કુપોષણ પીડિત

પાલનપુર તા.૬

ગુજરાતને કુપોષણ મુક્ત રાજ્ય બનાવવાના સરકારના અભિયાન વચ્ચે સરહદી બનાસકાંઠા જિલ્લામાં નાના બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટવાની જગ્યાએ વધી રહ્યું છે. જિલ્લામાં હાલ ૫૦૪૪ બાળકો કુપોષિત અને ૧૬૫૫ બાળકો અતિકુપોષિત છે. જોકે, કુપોષણના ગ્રાફમાં ગતવર્ષની સરખામણીએ વધારો નોંધાયો છે.

### તાલુકા દીઠ કુપોષણના આંકડા

| તાલુકો | કુપોષિત/અતિ કુપોષિત બાળકો |
|---|---|
| દાંતા | -૫૫૬/૨૮૬ |
| વડગામ | -૫૮૫/૧૭૮ |
| પાલનપુર | -૫૩૯/૨૩૧ |
| અમીરગઢ | -૭૫૩/૧૯૧ |
| દાંતીવાડા | -૧૩૪/૪૪ |
| ડીસા | -૩૭૨/૧૨૧ |
| ધાનેરા | -૨૩૯/૬૭ |
| લાખણી | -૯૬/૨૫ |
| કાંકરેજ | -૪૬૩/૧૫૯ |
| થરાદ | -૯૩૫/૨૨૨ |
| વાવ | -૧૪૩/૪૮ |
| સુઈગામ | -૩૪/૧૩ |
| દિયોદર | -૭૫/૩૨ |
| ભાભર | -૧૨૦/૩૭ |
| કુલ | -૫૦૪૪/૧૬૫૫ |

સરહદી બનાસકાંઠા જિલ્લામાં તંત્ર દ્વારા કુપોષણને નાબૂદ કરવાની વાતો વચ્ચે કુપોષિત બાળકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

જોકે, થોડા સમય અગાઉ જાહેર કરવામાં આવેલા કુપોષણના આંકડા અને હાલમાં ભારે તફાવત જોવા મળી રહ્યો છે. જેમાં ૪૯૩૦ બાળકો કુપોષિત અને ૧૬૧૭ બાળકો અતિકુપોષિત જાહેર કરાયા હતા. જ્યારે નવા આંકડા માં ૫૦૪૪ કુપોષિત અને ૧૬૫૫ અતિકુપોષિત બાળકોની સંખ્યામાં દર્શાવાયા છે. જોકે, સરકારના કુપોષણ મુક્ત ગુજરાત ના અભિયાન વચ્ચે બનાસકાંઠા જિલ્લા માં કુપોષણની માત્રામાં વધારો થઈ રહ્યો હોઈ તે ચિંતા નો વિષય છે.

જોકે, સ્થાનિક સ્તરે તંત્ર દ્વારા જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ આ આંકડા જોતા તેને ધાર્યું પરિણામ મળ્યું નથી. ત્યારે તંત્ર દ્વારા આ બાબતે મનો મંથન કરવાની જરૂર છે. કેમ કે એકલા થરાદ તાલુકામાં જ ૦ થી ૫ વર્ષના કુલ ૯૩૫ બાળકોમાં અતિ કુપોષિત છે. જ્યારે વનવાસી વિસ્તાર ધરાવતા અમીરગઢ માં ૭૫૩ અને દાંતા માં ૫૫૬ બાળકો અતિ કુપોષિત છે

# ભિલોડાના મલેકપુર ગામના જંગલ વિસ્તારમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

ભિલોડા,તા.૦૬

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના મલેકપુર ગામના અંતરિયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારમાંથી અજાણ્યા પુરૂષનો કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતા ડુંગર પર

ઘટના સ્થળે લોકોના ટોળે-ટોળા ભેગા થઈ ગયા હતા.અજાણ્યા પુરૂષની હત્યા કે આત્મહત્યા રહસ્ય અકબંધ બંધ પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.લોકમુખે અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડયું છે.પોલીસે અજાણ્યા મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ભિલોડા તાલુકા પંચાયતના સદસ્યએ પોલીસને જાણ કરતા પોલીસ તુરંત જ ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી ધારા-ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

# બનાસકાંઠામાં ૨.૭૦ લાખ હેક્ટર જમીનમાં ઉનાળુ પાકોનું વાવેતર કરાયું

## જિલ્લામાં સિંચાઈના પાણીની અછત વચ્ચે ગત વર્ષ કરતા પાંચ હજાર હેક્ટરમાં વાવેતર વધ્યું : ૧.૪૫ લાખ હેક્ટર જમીનમાં બાજરી અને ૨૪ હજાર હેક્ટરમાં મગફળીનું વાવેતર

પાલનપુર તા.૬

બનાસકાંઠા જિલ્લા માં ઉનાળાના પ્રારંભે જ વિવિધ વિસ્તારોમાં પીવાના તેમજ સિંચાઈના પાણીની તીવ્ર અછત વર્તાઈ રહી છે તે વચ્ચે નહેર કાંઠા અને પાણી દાર વિસ્તારના ખેડૂતોએ મોટી માત્રામાં ઉનાળુ પાકોનું વાવેતર કરતા જિલ્લામાં ગત વર્ષની સરખામણીએ પાંચ હજાર હેક્ટરમાં વાવેતર વધ્યું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતાનો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠામાં ઉનાળુ સીઝનમાં ખેડૂતોએ ૨૭૦૧૩૩ લાખ હેક્ટર જમીનમાં બાજરી,

મગફળી,મકાઈ, શાકભાજી



અને ઘાસચારાનું વાવેતર કર્યું છે .જોકે જિલ્લામાં ગત વર્ષે ૨૩૫૩૫૬ લાખ હેકટરમાં જમીનમા વાવેતર થયું હતુ જેની સામે ચાલુ વર્ષે ૪૭૭૭ હજાર હેક્ટર જમીનમાં વાવેટરનો વધારો થયો છે જેમાં મુખત્વે ડીસા તાલુકામાં સૌથી વધુ ૨૭૦૫૯ હજાર હેકટરમાં બાજરી,૧૧૫૯૮ હજાર જમીનમાં મગફળી, ૧૯૦૭ હેકટરમાં શાકભાજી અને ૧૫૭૦૭ હેક્ટર જમીનમાં ઘાસચારો મળી ૫૬૨૭૧ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે જ્યારે સૌથી ઓછું દાંતા તાલુકામાં ૧૩૦૩ હેકટર જમીનમાં વાવેતર થયું છે જિલ્લા હાલ ૧.૪૫ લાખ હેકટરમાં બાજરી, ૨૩૮૮૧ હજાર હેકટરમાં મગફળી, ૩૭૭૯ હેકટરમાં શાકભાજી,૯૬૪૩૫ હેકટરમાં ઘાસચારો, ૬૧ હેકટરમાં તલ,૯૬ હેકટરમાં મગ,૮૪ હેકટરમાં મકાઈ મળી ૨૭૦૧૩૩ લાખ હેકટરમાં ઉનાળુ પાકોનું વાવેતર થયું છે

### જિલ્લામાં ૬૧૩૨ હેકટરમાં ટેટી અને તરબૂચનું વાવેતર

બનાસકાંઠા જિલ્લા માં ૬૧૩૨ હેકટર જમીનમાં તરબૂચ અને ટેટી નું વાવેતર થયું છે જેમાં દાંતીવાડા, ડીસા, પાલનપુર સહિતના તાલુકામાં ૨૫૨૬ હેકટરમાં તરબૂચ અને ૩૬૦૭ હેકટર જમીનમાં ટેટી નું વાવેતર કરાયું છે

### અંગ્રેજીના પેપરમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આસાનીથી લખી શકયા હતા. જયારે સમાનાર્તીઓએ વિદ્યાર્થીઓને વિચારમાં મુકી દીધા હતા. અંગેજી વ્યાકરણના પ્રશ્નો પણ સરળ રહ્યા હતા ધો -૧૦ માં જે ફંકશન આવી ગયા હોય તેને આવરીને જ અત્યારે તે મુજબ જ પ્રશ્નો પુછાયા હતા. જેથી વિદ્યાર્થીઓએ સરળતાથી જવાબો આપ્યા હતા. જયારે પેપરમાં ત્રણ નિબંધ પુછાયા હતા. માય ગ્રાન્ટ પેરેન્ટસ , આધુનિક ટેકનોલોજીના લાભો અને ગેરલાભ, આજે પણ અંધશ્રધ્ધા જેવા વિષયો પર નિબંધ પુછાયા હતા જયારે ઈ મેઈલ અને રીપોર્ટના પ્રશ્નમાં કોવિડ અંગે પ્રશ્નો પુછાયા હતા કોવિડ અંગે શુ કરવુ અને શુ ન કરવુ તે અંગે ઈમેઈલ અને સ્કુલ દ્વારા આયોજિત વેક્સિનેશન કેમ્પ અંગે રીપોર્ટ પુછાયો હતો. એકંદરે પેપર સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી.

### રાજકીય માહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન કરાયુ હતુ તો આજે દહેગામમાં બાઈક રેલીના સ્વાગતનો કાર્યક્રમ ઉપરાંત આજે શહેર અને જિલ્લામાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણીના કાર્યક્રમોથી ભાજપના કાર્યકરો સતત દોડધામ કરતા જોવા મળ્યા હતા.

બીજી તરફ કોંગ્રેસની આઝાદીની ગૌરવ યાત્રા આજે સાંજે ઝુંડાલ આવી પહોંચી છે અને હજુ ત્રણ દિવસ જિલ્લામાં પદયાત્રા ફરી આગળ જવા રવાના થવાની છે ત્યારે કોંગ્રેસના કાર્યકરો પણ સતત પદયાત્રીઓના સ્વાગત સહિતની તૈયારીમાં વ્યસ્ત અને દોડધામ કરતા જોવા મળ્યા હતા.

### કોપી કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિજ્ઞાન સહીતના મહત્વના પ્રશ્નો સરળ નિકળ્યા છે. જયારે ગઈકાલ સુધી બોર્ડ પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હતો. પરંતુ આજે સામાજિક વિજ્ઞાનની કસોટી દરમિયાન દહેગામમાં એક વિદ્યાર્થી કોપી કરતા ઝડપાઈ ગયો હતો.

સામાજિક વિજ્ઞાન વિષયની પરીક્ષા દરમિયાન દહેગામ તાલુકાના રખિયાલની જે જે ત્રિવેદી માધ્યમિક શાળાના પરીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીને ખંડ નિરિક્ષકે કોપી કરતા ઝડપી લીધો હતો જેના અંતે વિદ્યાર્થી સામે બોર્ડના નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે આરોપ લગાવ્યો હતો કે તત્કાલીન ગૃહમંત્રી દેશમુખે પોલીસ અધિકારીઓને શહેરમાં રેસ્ટોરાં અને બારમાંથી દર મહિને ૧૦૦ કરોડ રૂપિયા વસૂલવાનો ટાર્ગેટ આપ્યો હતો. દેશમુખે આરોપોને નકારી કાઢ્યા હતા, પરંતુ ગત વર્ષે એપ્રિલમાં બોમ્બે હાઈકોર્ટે સીબીઆઈને તેમની સામે કેસ નોંધવાનો નિર્દેશ આપ્યા બાદ કેબિનેટમાંથી રાજીનામું આપ્યું હતું.

### સમાધાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યુ હતુ કે, ભારત જો કોઈનો પક્ષ લેશે તો તે શાંતિનો પક્ષ લેશે. રશિયાના વિદેશ મંત્રી તાજેતરમાં ભારત આવ્યા હતા અને તેમને પણ અમે કહ્યુ છે કે, જો ભારત શાંતિ માટે જો કોઈ મદદ કરી શકતુ હોય તો અમને તેમાં ખુશી થશે.

જયશંકરે કહ્યુ હતુ કે, યુક્રેન અને રશિયા વચ્ચેના યુધ્ધથી ભારત જ નહીં પણ આખી દુનિયાની ઈકોનોમી પ્રભાવિત થઈ રહી છે. દરેક દેશ એક બીજા પર નિર્ભર હોય છે અને એટલા માટે જ દરેક દેશ પોતાના લોકોનુ ભલુ જેમાં હોય તે પ્રકારની નીતિ અપનાવે છે.